ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૨૩-૧૦-૨૦૨૨**

# ભારતીય જનતા પક્ષના પૂર્વ ધારાસભ્ય શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી બિમલ શાહ તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલની ઉપસ્થિતીમાં ભારતીય જનતા પક્ષના પૂર્વ ધારાસભ્યશ્રી બાલકૃષ્ણભાઈ પટેલને કોંગ્રેસનો તિરંગો ખેસ પહેરાવી પ્રદેશ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે વિધીવત રીતે આવકારતા જણાવ્યું હતું કે, ભાજપના પાયાના કાર્યકર અને દિગ્ગજ નેતાશ્રી બાલકૃષ્ણભાઈ પટેલને અમે કોંગ્રેસ પક્ષમાં આવકારીએ છીએ અને આજ રીતે ભૂતકાળમાં જીલ્લા પંચાયતના પ્રમુખ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ અને ભાજપના દિગ્ગજ નેતાઓ પણ જ્યારે ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાઈ રહ્યાં છે ત્યારે ખરા અર્થમાં ગુજરાતમાં પણ "ભારત જોડો" અભિયાનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે.

ભાજપના પૂર્વ ધારાસભ્યશ્રી બાલકૃષ્ણભાઈ પટેલે જણાવ્યું હતું કે, મેં ભાજપમાં જીલ્લા પ્રમુખ તરીકે કાર્ય કરીને તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતમાં ભાજપને વિજયી બનાવી હતી તથા ડભોઈના ધારાસભ્ય તરીકે પણ સેવાઓ આપેલ હતી. ભાજપમાં પાયાના કાર્યકર્તાઓની સતત અવગણના થઈ રહી છે તથા ગુજરાતના ખેડૂતોને પણ ખુબ જ અન્યાય થઈ રહ્યો છે. ગુજરાતના ગરીબ અને મધ્યમવર્ગને ન્યાય માત્ર કોંગ્રેસ જ આપી શકે એમ છે. માટે હું મારા સમર્થકો સાથે આજે કોંગ્રેસ પક્ષમાં જોડાઈ રહ્યો છું.

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર